# ૫૧ શક્તિપીઠની પ્રાણ પ્રતિષ્ઠાનો દિવ્ય મહોત્સવ સંપન્ન

## ગુજરાતના મુખ્યમંત્રીએ ગબ્બર પરિક્રમા સ્થાનો પર ૫૧-શક્તિપીઠ સંકુલમાં યજ્ઞ-પૂજા કરી

પાલનપુર, તા. ૧૩

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંબાજી યાત્રાધામમાં ૫૧ શકિતપીઠના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ભારતની ભવ્ય સાંસ્કૃતિક વિરાસત સમા તીર્થધામો, યાત્રાનો મહિમા અને પ્રવાસન માધ્યમના વિકાસની ઉપેક્ષા થઈ છે. આ ત્રણેના વિકાસનું આયોજન કરીને ભારતના અર્થતંત્રને મોટી શકિત પ્રદાન કરી શકાય એમ છે પણ ભારત સરકાર આ અંગે ઉદાસિન રહી છે.

ભારત વર્ષની આધ્યાત્મિક આદ્યશકિત વિરાસતની એકાવન શકિતપીઠ અંબાજી યાત્રાધામના ગબ્બર પરિક્રમા ઉપર પ્રસ્થાપિત કરવાનું ભવ્ય પ્રકલ્પ નિર્માણ સંપન્ન થતા શકિતપીઠ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આજે યોજવામાં આવ્યો હતો.

ગબ્બર પરિક્રમાના ત્રણ કીલોમીટર પરિસરમાં આ એકાવન શકિતપીઠમાં પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ વેદોક્ત પરંપરા અનુસાર યજ્ઞ-હવન સાથે સંપન્ન થઈ હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શકિતપીઠોની હવન-પૂજાવિધિમાં જગદમ્બાના દર્શન કર્યા હતા.

જગતજનની અંબાજી મંદિરમાં ભકિતભાવથી પૂજા દર્શન કરી મુખ્યમંત્રીશ્રીએ શકિતપીઠ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ઉમંગ-ઉત્સાહથી ઉમટેલા દેશ-વિદેશના વિશાળ ભાવિક સમૂદાયનું અભિવાદન કર્યું હતું.

ભારત એવી સાંસ્કૃતિક વિરાસત છે જયાં નારીશકિત ભગવાન તરીકે પૂજાય છે તેનો મહિમા મંડિત કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે ૧૭ રાજ્યો અને ૬ દેશોમાં મળી ૫૧ શકિતપીઠ સ્થાપિત છે અને કોઈપણ ભાવિક-યાત્રાળુ માટે બધી જ શકિતપીઠના દર્શન કરવાનું સરળ નથી અને તેથી જ શકિતપીઠોના મૂળ સ્થાપત્ય અને ધાર્મિક-આધ્યાત્મિક પરંપરા સાથે પૂજા-પાઠના ભકિત અને સાત્વિકતાના ભાવ સાથે અંબાજીમાં આ પવિત્ર કાર્ય કરવાનું મને સૌભાગ્ય મળ્યું છે.

જગત જનની મા અંબા આસુરી શકિતઓને પરાસ્ત કરે અને જન-જનનું કલ્યાણ કરે એવા ભકિતભાવથી આ શકિતપીઠ પવિત્ર યાત્રાતીર્થ બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં યાત્રાતીર્થોના મહિમાને ગૌરવશાળી રાખવાની સાથે પ્રવાસન જોડીને ગરીબોને રોજગારી આપવાનો અભિગમ રાજ્ય સરકારે હાથ ધર્યો છે તેની વિગતો આપી જણાવ્યું કે અંબાજીમાં આદિવાસીઓને રોજગારીના અવસરો પૂરા પાડવાના સફળ પ્રયાસ કર્યા છે.

સવાસો કરોડ યાત્રિકોને મન યાત્રાનો મહિમા અનેરો છે અને યાત્રાના માધ્યમથી પ્રવાસન વિકસાવીને ભારતના અર્થતંત્રને શકિતશાળી બનાવી શકાય છે પરંતુ આ દેશના શાસકોએ એની ધર્મનિરપેક્ષતાની નીતિને વિકૃત કરીને આ યાત્રાતીર્થો, યાત્રાનો મહિમા અને પ્રવાસનની ઉપેક્ષા કરી છે. સવા સો કરોડ દેશવાસીઓની શ્રધ્ધાના કેન્દ્રો એવા યાત્રાધામોની ઉપેક્ષા કરીને દેશના આર્થિક શકિત અને પ્રવાસન માધ્યમથી રોજગારીના અવસર ગુમાવી દીધા છે. મકકા મદિનાના વિકાસથી ત્યાંના અર્થતંત્રનું સશકિતકરણ થયું છે પણ આપણે આપણી સાંસ્કૃતિક વિરાસતનું ગૌરવ, યાત્રાતીર્થોની માળખાકીય સુવિધાના આધુનિક વિકાસ કે પ્રવાસન પ્રવૃત્તિના અર્થવ્યવસ્થાપનની ઉપેક્ષા કરી છે, એમ તેમણે જણાવ્યું હતું.



યાત્રાતીર્થ સાથે પ્રવાસન વિકાસ જોડીને યાત્રિકો તીર્થક્ષેત્રોમાં રાત-વિશ્રામ તેવું આયોજન ગુજરાત કરી રહયું છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

નાણાં અને આરોગ્ય મંત્રીશ્રી અને બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પ્રાસંગીક પ્રવચનમાં અંબાજી તીર્થસ્થાન કરોડો માઈભકતોની શ્રધ્ધાનું પવિત્ર કેન્દ્રસ્થાન છે ત્યારે અંબાજી ખાતે તમામ ૫૧ શકિતપીઠોનું નિર્માણ થતાં શ્રધ્ધાળુઓને દર્શનનો લાભ મળશે. તેનો આનંદ વ્યકત કર્યો હતો.

મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનમાં રાજ્યમાં સર્વાંગી, સમતોલ અને વિક્રમજનક વિકાસ થયો છે તેનાથી લોકોની આવક અને સુખાકારીમાં ખુબ સારો વધારો થયો છે. તેમણે યાત્રાધામો પ્રવાસન પ્રવૃત્તિના કેન્દ્ર બનાવવા સાથે જ રાજ્યની વિકાસકૂચની જાણકારી પણ આપી હતી.

પ્રવાસન રાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, દેશની ૫૧ શકિતપીઠોના અંબાજી ખાતે એક સાથે દર્શનની સુવિધા શ્રધ્ધાળુઓ માટે ઉભી થઈ છે. માત્ર દેશના જ નહીં વિશ્વ આખાના શ્રધ્ધાળુઓ માટે હવે ગુજરાત મુલાકાતનું કેન્દ્ર બનશે, તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

અંબાજી ખાતે અત્યાર સુધીમાં રૂા. ૧૨૦ કરોડના ખર્ચે સુવિધાના કામો હાથ ધરાયા છે અને રૂા. ૧૦૮ કરોડના કામો હાથ ધરાનાર છે. તેની રૂપરેખા સાથે યાત્રાધામ વિકાસના સમગ્રતયા આયોજનની ભૂમિકા તેમણે આપી હતી.

રાજયમંત્રીઓ શ્રી પરબતભાઈ પટેલ, લીલાધરભાઈ વાઘેલા તથા ધારાસભ્ય શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

બનાસકાંઠા જિલ્લા કલેકટર શ્રી જે. જી. હિંગરાજીયાએ આભારદર્શન કર્યું હતું.

# દાંતીવાડા તાલુકા પંચાયતનું બજેટ ના મંજુર

દાંતીવાડા, તા. ૧૩

ભાજપ શાસિત દાંતીવાડા તાલુકા પંચાયતના બેઠક હોલમાં આજે તાલુકા પંચાયતની સાધારણ સભા મળી હતી. સભામાં કોંગ્રેસની બહુમતી અને ભાજપની લઘુમતી હોવાથી સભ્યો વચ્ચે ભારે હોબાળો મચ્યો હતો. અંતે શબ્દોની ખેંચતાણ થતા બજેટ ના મંજુર થયું.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા તાલુકા પંચાયતમાં આજે પંચાયતની સાધારણ સભા બોલાવવામાં આવી હતી. જે સભામાં ભાજપના ૬ અને કોંગ્રેસના ૭ સભ્યોની હાજરી હતી જયારે બે સભ્યો ગેર હાજર હતા. તે સમયે સભામાં તૈયાર કરવામાં આવેલ બજેટની વિગતો સભા સમક્ષ રજૂ કરાતા કોંગ્રેસના નેતા નટવરસિંહ વાઘેલાએ બજેટમાં ખેતીવાડી તેમજ શિક્ષણ ક્ષેત્રે કરાયેલી જોગવાઈઓએ સંતોષ ન થતા ભાજપની હિટલરશાહી ગણાવી હતી અને તે બાબતે કોંગ્રેસની બહુમતી સાથે બજેટ ના મંજુર કરવા વિરોધ દર્શાવ્યો હતો અને બજેટમાં ઉલ્લેખ કરાયેલી જોગવાઈઓમાં સુધારા વધારા કરવા બાબતે તેમને રજુઆત કરી હતી અને અંતે બેઠક હોલની બહાર લોબીમાં ચાલતા ચાલતા નરેગા બજેટ મંજુર કરાયું હતું. શુ આ યોગ્ય રીત છે ? બજેટમાં કોંગ્રેસની બહુમતી હોઈ મંજુર ન થયું એ તો બનાવ જોગ છે પરંતુ બજેટ ના મંજુર થવા પાછળના પરિબળોમાં કદાચ ભારતીય જનતા પાર્ટી અંદરો અંદર ખેંચતાણ ને જવાબદાર ગણાવી શકાય ખરી ?



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)



પ્રાંતિજમાં આજે શ્રીરામ પરિવારની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેન્ડ ચોકથી બજારચોક સુધી રામ ભક્તોએ બેન્ડવાજા સાથે વાજતે ગાજતે બગીમાં નગરયાત્રા કાઢી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે લોકદરબાર યોજાયો

ચિલોડા, તા.૧૩

ગાંધીનગર જિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ પાસે મોખરાનું સ્થાન ધરાવતું ચિલોડા પોલીસ સ્ટેશના પટાંગણમાં લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.કે. પંડયાની રાહબરી હેઠળ યોજાયેલ લોક દરબારનો શુભારંભ ગામના અગ્રણી આગેવાન શ્રી નટુભાઈ પટેલે પ્રાસંગિક સ્વાગત પ્રવચન દ્વારા કર્યો હતો. આ બેઠકમાં આજુબાજુના ૨૦ ગામોના ગ્રામ સરપંચો તથા અગ્રણી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગામ નાગરિકોમાં સુરક્ષા સલામતીના સતુ અર્થે લોકજાગૃતિ કેળવવાનું આહવાન કર્યું હતું. આ પ્રસંગે પી.આઈ. કે.કે. પંડયા સહિત તમામ પોલીસ કર્મીઓ દ્વારા પરિચય રજુ કરી ઓળખવિધિ કરી હતી.



આ સાથે ગામ આગેવાનોએ પોતાની ઓળખ આપી કાર્યક્રમ સફળ બનાવવા પ્રયત્નશીલ બન્યા હતા. આ ઉપરાંત તાજેતરમાં એક ટ્રેકટર-ટ્રોલી મુદ્દામાલ અને આરોપીની અટકાયત કરવામાં પોલીસે સફળતા મેળવવામાં પોલીસની કામગીરી પ્રશંસનીય હોવાનું જણાવ્યુંહતું. જયારે નટુભાઈ પટેલે લોક દરબારનો હેતુ અને લાભ અંગે માહિતીગાર કર્યાહતા. અંતમાંઆ બેઠકનું સમાન પી.એસ.આઈ. પી.જે. પંડયાએ કરી સર્વેજનોનોઆભાર વ્યકત કર્યોહતો.

# આજે મોડાસાની સર પી.ટી. સાયન્સ કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાશે

મોડાસા, તા.૧૩

મોડાસાની સર પી.ટી. સાયન્સ કોલેજનો ૫૩મો વાર્ષિકોત્સવ આવતી કાલે સવારે ૯.૩૦ કલાકે કોલેજ કેમ્પસ ખાતે યોજાવાનો છે. આ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ શૈક્ષણિક, એન.એસ.એસ., એન.સી.સી., સ્પોર્ટસ અને સપ્તધારા નિમિત્તે યોજાયેલી સ્પર્ધાઓમાં કરેલી પ્રગતિને પ્રોત્સાહન આપવામાં આવશે.

આ વાર્ષિકોત્સવ સમારંભના અધ્યક્ષપદે એમ.એલ. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ ડૉ. અરુણભાઈ શાહ તેમજ મુખ્ય મહેમાન પદે ગુજરાત રાજયના પૂર્વ મંત્રી અને દેવસ્થાન પ્રતિષ્ઠાનના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ગુજરાત રાજય લલિત કલા અકાદમીના સચિવ મનોજભાઈ શુકલ, શિક્ષણ વિભાગના કેસીજીના જોઈન્ટ સીઈઓ અને ડાયરેકટર નરેન્દ્ર ચોટલીયા અને કેળવણી મંડળના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ શાહ અતિથિ વિશેષ પદે હાજરી આપનાર છે. આ વાર્ષિકોત્સવ માટે વિદ્યાર્થી પ્રતિનિધિઓએ ભારે જહેમત ઉઠાવી છે.



વડાલી કચ્છી સમાજનો ૧૩મો સમૂહ લગ્નોત્સવ વડાલી કંપા ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૩૦ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. મોટી સંખ્યામાં સમાજના ભામાશાઓ અને જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. આ યુગલોને સમાજના દાતાઓ દ્વારા મોટા પ્રમાણમાં ભેટ સોગાદો આપવામાં આવી હતી. (તસવીર : વિઠ્ઠલ સુથાર, લક્ષ્મીપુરા)

# ચારુતર વિદ્યામંડળના સિકાર્ટમાં અઢી કરોડના અત્યાધુનિક પરીક્ષણયંત્ર 'નોવા નેનો સેમ ૪૫૦' સ્થાપિત કરાયું

### અનૂપમ મિશનના જશભાઈ અને સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલને હસ્તે શુભારંભ

વલ્લભવિદ્યાનગર, તા. ૧૩

ભારત સરકારના વિજ્ઞાન અને તંત્રવિજ્ઞાન વિભાગ (ડીએસટી)ના સહયોગથી રૂ. ૨.૫૦ કરોડની કિંમતનું ચારુતર વિદ્યામંડળે નેધરલેન્ડમાં બનેલું અત્યાધુનિક 'નોવા નેનો સેમ ૪૫૦' પરીક્ષણ યંત્ર સિકાર્ટ સંશોધન કેન્દ્રમાં સ્થાપિત કર્યું છે. ગુરુવારે અનૂપમ મિશનના વડા પૂ. જશભાઈના હસ્તે અને ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ તથા માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ અને સિકાર્ટના નિયામક ડૉ. વી.એસ. પટેલ જેવા મહાનુભાવોની ઉપસ્થિતિમાં કોઈ પણ નમૂના (સામ્પલ)ને ૨૫ લાખ ગણો મોટો દર્શાવી શકે એવા પ્રકારના આ યંત્રની પૂજા કરીને શુભારંભ કરવામાં આવ્યો હતો.



સમગ્ર ભારતમાં ઑકટેન શ્રેણીના આ પરીક્ષણ યંત્રની સૌ પ્રથમવાર ખરીદી કરાઈ છે અને વૈજ્ઞાનિક સંશોધક અને ઉદ્યોગોને વિવિધ નમૂનાઓના પરીક્ષણ માટે તે આશીર્વાદરૂપ સાબિત થશે. સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે સીવીએમ સંચાલિત સિકાર્ટમાં ઉદ્યોગો અને સંશોધકોને ઉપયોગી થઈ શકે તેવાં અત્યાધુનિક પરીક્ષણ યંત્રો સ્થાપિત કરવામાં અમને ભારત સરકારના વિજ્ઞાન અને તંત્રજ્ઞાન વિભાગ (ડીએસટી)નો સહયોગ મળતો રહ્યો છે. નવા સ્થાપિત કરાયેલા 'નોવા નેનો સેમ ૪૫૦' યંત્રની ખરીદી માટે ભારત સરકારે ૭૫ ટકા નાણાં આપ્યાં છે અને બાકીનાં ૨૫ ટકા નાણાંનું યોગદાન ચારુતર વિદ્યામંડળનું છે. નજીકના ભવિષ્યમાં અમો બાયોટેકનોલોજી ક્ષેત્રે અત્યાધુનિક પરીક્ષણ યંત્રો પ્રાપ્ત કરીને અમારી સંસ્થા અરિબાસને સંશોધનક્ષેત્રે વધુ સક્રિય બનાવવા ઈચ્છુક છીએ.

સિકાર્ટના નિયામક ડૉ. વી.એસ. પટેલ અને ઉપસ્થિત વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે નેધરલેન્ડથી આયાત કરાયેલા ઉપરોક્ત અત્યાધુનિક પરીક્ષણ યંત્ર થકી કેન્સર જેવા રોગોની ચકાસણીમાં ખૂબ મહત્વની અને ત્વરિત જાણકારી ઉપલબ્ધ થશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ્સ મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન